| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૨–૦૨–૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | ૦૨–૦૨–૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૭–૦૪–૨૦૨૬ | | |
| સમય | દિવસ | માસ | વર્ષ |
| | | | |

---

**ડોલવણના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ:ડોલવણ.**

---

**ફોજદારી કેસ નંબર:– ૯૪/૨૦૨૬**

આંક–

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : લાલસિંગભાઈ ઝુલીયાભાઈ કોંકણી,
રહે.કણધાગામ ઘાઘર ફળીયુ,
તા.ડોલવણ, જી.તાપી.

ગુનો: પ્રોહી એકટની કલમ–૬૫ એ–એ મુજબ.

---

સરકાર તરફે એ.પી.પી. શ્રી પી.એલ.ગાંગુડે
આરોપી તરફે વિ.વકીલ શ્રી એ.એન.પટેલ

---

**જજમેન્ટ**

૧. આરોપી સામે ફરીયાદ કેસના કેસની હકીકત એવી છે કે, તા.૨૮–૧૧–૨૦૨૫ આરોપી પોતાના રહેણાંક ઘરની પાછળ આવેલ પજારીમાં ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે એક પ્લીસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર–૫ જેની કિં.રૂ.૧૦૦૦/– નો પ્રોહી નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુનો કરેલ હોય ફરિયાદીએ આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ એ–એ મુજબની ફરિયાદ આપેલ. સદર કામે ગુનો નોંધી, તપાસના અંતે ઉપરોક્ત ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

૨. સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીઝન્સ લઈ આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટમાં હાજર થયેલ. તેઓને પોલીસ તપાસના કાગળોની વિનામુલ્યે નકલ આપેલ. આંક– ૦૪ થી આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ તેમજ આંક– ૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

૩. ફરીયાદપક્ષએ નીચે મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ | આંક | સાહેદનુ નામ | સ્ટેટસ |
|---|---|---|---|
| ૧. | ૦૬ | દિપકભાઈ ઈશ્વરભાઈ ભંડારી ની જુબાની | પંચ સાહેદ |
| ૨. | ૦૮ | ગૌરાંગભાઈ સુરેશભાઈની જુબાની | ત.ક.અ. |

૪. ફરીયાદપક્ષે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | પંચનામુ |
| ૨. | ૦૯ | ફરીયાદ |

૫. ઉપરોકત પુરાવા બાદ એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતા આરોપીનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેઓએ આરોપીએ તેમની સામે ખોટો કેસ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ બન્ને પક્ષની દલીલ સાંભળવામાં આવેલ છે.

૬. આ કામમાં મારા નિર્ણય માટેના નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૮–૧૧–૨૦૨૫ આરોપી પોતાના રહેણાંક ઘરની પાછળ આવેલ પજારીમાં ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે એક પ્લીસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર–૫ જેની કિં.રૂ.૧૦૦૦/– નો પ્રોહી નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુનો કરેલ હોય ફરિયાદીએ આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ એ–એ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?.

૨. શું હુકમ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ

## <u>કારણો</u>

૮. મુદ્દા નં.૧

૮.૧ આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે. ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ અને ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે સકારાત્મક પુરાવાથીં, શંકાથી પર સાબીત કરવુ જોઈએ.

૮.૨ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે ત્યારે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક– ૦૮ થી ત.ક.અ. ગૌરાંગભાઈ સુરેશભાઇ ને નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં તપાસને સમર્થન કરતી જુબાની આપેલ છે. ત્યારબાદ આરોપી પક્ષ ધ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવની આજુ બાજુ વસ્તીવાળો તેમજ રહેણાક વિસ્તાર આવેલો છે. એ વાત ખરી છે કે ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી એ વાત ખરી છે કે અમે ક્યારેક રેડ કરવા જઇએ ત્યારે આવા પ્રકારનો બીન વારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી નથી કે મારી હાજરી માં પંચો રુબરુ કોઇ મુદ્દામાલ કબજે કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ ગુનાવાળી જગ્યાની માલીકી દર્શાવતો દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીની ખોટી ગુનામાં સંડોવણી થયા તે રીતે ફરીયાદ કરેલ છે.

૮.૩ સદર કામે ફરીયાદપક્ષ તરફથી તેઓના કેસના સમર્થનમાં પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો ફરી ગયેલા સાહેદ છે. ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ દિપકભાઈ ઈશ્વરભાઈ ભંડારીને આંક– ૦૬ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોનો સોગંદ પરનો પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત વંચાણે લેવામાં આવે તો પંચનામાની હકીકતની વિરુધ્ધનો પુરાવો આપેલ છે. પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી. તેઓની હાજરીમાં કોઈ દેશી દારૂ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સદર પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી પંચો એ સહી કરી આપેલી. આ પંચ સાહેદ સરતપાસમાં પોલીસ તૈયાર પચનામામા સહી કરેલાનો પુરાવો આપેલ છે. પંચનામાની હકકીતનો ખ્યાલ નથી માત્ર પંચનામામાં સહી હોવાનુ જણાવેલ હોવાથી એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી સદર પંચ સાહેદની ઉલટતપાસ કરેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આવેલ નથી. સદર પંચસાહેદની બચાવપક્ષને ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી પંચનામાની હકીકત વિશે તેઓને કોઈ માહિતી નથી.

૮.૪. ઉપરોકત ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને સમર્થન આપેલ છે. પરંતુ તેમણે જે પણ સાહેદોના નિવેદનો લીધેલા તે પૈકી કયા સાહેદના નિવેદનમાં શુ પુરાવો નીકળી આવેલ તે કોઈ જ પ્રકાશ પાડતા નથી. બનાવવાળો વિસ્તારએ જાહેર વિસ્તાર હોવા છતાં આ કામે કોઈ જ પ્રત્યક્ષદર્શી તટસ્થ સાહેદોના નિવેદનો લઈ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમના પુરાવાને તટસ્થ કહી શકાય તેવા પંચ સાહેદોએ સોગંદ ઉપરના પુરાવામાં સમર્થન આપેલ નથી. જેથી આ સાહેદની જુબાનીથી પણ આરોપીના કેસને નિશંકપણે સમર્થન સાપડતુ નથી.

૮.પ. ત્યારબાદ ફરીપાદ પક્ષનો પુરાવો પુરો થયાનુ વિ.એ.પી.પી.શ્રી એ જાહેર કરતા આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબનો વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમણે ગુનોમાં ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનુ અને તેઓ નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. અને ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ છે.

૮.૬ સદર કામે સાહેદોના પડેલ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા પંચ સાહેદ ફરી ગયેલા છે. પંચનામુ પુરવાર થયેલ નથી. બીજા કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. પ્રાથમીક પંચનામુ રજુ થયેલ નથી. સદર કામે તપાસાયેલા પંચ સિવાયના સાહેદ પોલીસ સાહેદો છે. પંચો ફરીયાદ

પક્ષના કેસને સમર્થન કરતા નથી. સદર કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. જયારે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તે હોસ્ટાઈલ જાહેર થઈ ગયેલ છે. ઉપરાંત હાલના કામે અન્ય સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવે તો પણ હાલના કામના આખરી ન્યાયનિર્ણયમાં કોઈ ફરક પડતો નહી હોવાનુ જણાય આવતુ હોવાથી સદર કામે અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી.

પુરાવાની ઉપરોકત તમામ ચર્ચા અને સમીક્ષાને લક્ષ્યમાં લઈ ફરી તેનુ ટુંકમાં વિશ્લેષણ કરતા મુદ્દામાલ દારૂમાંથી સેમ્પલ લઈ એફ.એસ.એલ.માં મોકલવાની કાર્યવાહી કરેલ હોવાનુ ત.ક.અ.શ્રી જણાવે છે. પરંતુ ફરીયાદપક્ષ એફ.એસ.એલ. નો કોઈ જ પૃથ્થકરણ અહેવાલ આ કામે રજુ કરેલ નથી. આમ, પુરાવાની ચર્ચા અને સમીક્ષામાં નીકળી આવતી ક્ષતિઓના કારણે ફરીયાદના કેસને નિ:શંકપણે સમર્થન સાપડતુ નથી.

ઉપરોકત પુરાવાની ચર્ચા અને બન્ને પક્ષના વિ.વ.શ્રીઓની રજુઆતને લક્ષમાં લેતા બચાવપક્ષ દ્વારા ઉપસ્થિત કરાયેલ પુરાવાની ખામીઓ પ્રત્યેના સવાલોમાં વજુદ જણાય છે અને તે ન્યાયી અને યોગ્ય જણાય છે. જેને ગ્રાહય રાખવામાં આવે છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરાવાર કરવાનો હોય છે નહી કે તેને બચાવપક્ષના નબળા બચાવનો લાભ મળી શકે. આમ, હાલના કેસની સમગ્ર હકીકત, કેસનો સમગ્ર રેકર્ડ, રેકર્ડ ઉપરના સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઈઓ તેમજ સિધ્ધાંતો લક્ષમાં લેતા, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ–એ મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

(૧) આથી આરોપી લાલસિંગભાઈ ઝુલીયાભાઈ કોંકણી, રહે.કણધાગામ ઘાઘર ફળીયુ, તા. ડોલવણ, જી.તાપીનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ–એ મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત અપીલ સમય સુધી કાયમી કરવામાં આવે છે અને આરોપીએ એપેલેટ કોર્ટમાં જો અપીલ થાય તો નોટીસ મળ્યેથી હાજર રહેવાનું રહેશે. તેમજ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**ડોલવણ**
**તા. ૧૭/૦૪/૨૦૨૬**

**(નીખીલ અગ્રવાલ)**
**જ્યુડી.મેજી.ફ.ક. ડોલવણ,**
**કોડ નં.જી.જે.૦૧૭૩૦**